# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ suratdeo@gmail.com

Fax no: -૦૨૬૧-૨૬૬૨૯૦૨ web:-www.suratdeo.org


ક્રમાંક:મા-૬/૨૦૨૪/ ૯૭૭૨ તા. ૧/૦૩/૨૦૨૪ ૭

પ્રતિ,

રજીસ્ટર થયેલી ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વાલીઓના એસોસીએશનના પ્રમુખ, સુરત, જિ.સુરત

વિષય- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે વાલી મંડળની નવી મતદાર યાદી તૈયાર કરવા બાબત

સંદર્ભ- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, ગાંધીનગરના તા.૦૬/૦૩/૨૦૨૪ના પત્ર ક્રમાંક:મઉમશબ/ચૂંટણી-૨૦૨૪/૦૦૨-૦૩૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગરની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે બાકી રહેલ વાલી મંડળની મતદાર યાદી તારીખ:૦૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ તૈયાર કરવા માટે વાલી મંડળની મતદાર યાદીમાં નવા નામ ઉમેરવા માટેના ફોર્મ તા.૦૩/૦૭/૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી સાંજે ૫:૦૦ કલાક સુધીમાં શાળાના લેટર પેડ પર માહિતી સાથે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,સુરત ખાતેથી મા-૬ શાખામાં શ્રી રમેશભાઈ સુરતી પાસેથી મેળવી લેવાના રહેશે. તથા જે શાળાઓના વાલી મંડળના નામ મતદાર યાદીમાંથી કમી કરવાના હોય તથા નામ ઉમેરવાના હોય તેમણે <u>તારીખ:૦૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિને ધ્યાને રાખીને</u> તે સંદર્ભના તમામ સાધનિક આધારો સહ તા.૦૬/૦૭/૨૦૨૪ ના રોજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,સુરત ખાતે મા-૬ શાખામાં શ્રી રમેશભાઈ સુરતીને ફાઇલ જમા કરાવવાની રહેશે. આ નામ ઉમેરવા તથા કમી કરવા અંગે સંદર્ભ દર્શિત પત્રની સૂચનાને ધ્યાને લેવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

બીડાણ – સંદર્ભ પત્ર

ક્રમાંક:મઉમશબ/ચૂંટણી-૨૦૨૪/૦૦૨-૦૩૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.૦૬/૦૩/૨૦૨૪

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ).
ગુજરાત રાજ્ય.

વિષય:- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સામાન્ય ચુંટણી-૨૦૨૪ માટે નવી મતદારયાદી તૈયાર કરવા બાબત

શ્રીમાન,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં વિનિયમ ક્રમાંક ૫ (૨) ની જોગવાઇ અનુસાર માન. અધ્યક્ષશ્રીએ તા.૨૯/૦૨/૨૦૨૪ના કાર્યાલય આદેશથી બોર્ડના ચુંટણી-અધિકારી તરીકે અમારી નિમણૂંક કરેલ છે. (રાજપત્રની નકલ સામેલ છે) અમારી કચેરીનો ફોન નંબર ૦૭૯-૨૩૨૫૩૮૨૯ છે. જે આપની જાણ સારૂ.

નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે જે તે સંવર્ગોના મતદારોની અદ્યતન યાદી બનાવવા નીચેની વિગતો ધ્યાનમાં રાખીને નવી મતદાર યાદી કરવાની રહેશે.

(૧) તા.૦૧/૦૬/૨૦૨૪ ની સ્થિતિએ ફરજ બજાવતા કર્મચારીઓની યાદી બનાવવાની રહેશે. પરંતુ જે કર્મચારી ખરેખર ફરજ બજાવતા હોય તેઓનો જ મતદાર યાદીમાં સમાવેશ કરવાનો રહેશે.

(૨) તા.૩૧/૦૫/૨૦૨૪ના રોજ જે કર્મચારી નિવૃત થતા હોય તેઓનો સમાવેશ સદર મતદાર યાદીમાં કરવાનો રહેશે નહી.

(૩) નવા નિમણૂંક પામેલ તમામ સંવર્ગના કર્મચારીઓનો મતદાર યાદીમાં સમાવેશ કરવા સામેલ પરિશિષ્ટ-અ ને ધ્યાને રાખી નિયત કરેલ ફોર્મમાં વિગતો ભરવાની રહેશે.

(૪) બદલી થયેલ કે ફાજલ થયેલ કર્મચારીનો અન્ય શાળામાં સમાવેશ કરેલ હોય તેવા કિસ્સામાં કર્મચારી જે સંવર્ગમા ફરજ બજાવતો હોય તે સંવર્ગની મતદારયાદીમાં મુકવાનો રહેશે.

Scanned with CamScanner

(૫) તા.૩૦/૦૬/૨૦૨૪ સુધી રાજીનામું કે સ્વૈ.નિવૃતિના કિસ્સામાં તેવા નામ મતદાર યાદીમાં કમી કરીને મતદાર યાદી અપડેટ કરવાની રહેશે.

(૬) માધ્યમિક વિભાગમાંથી ફાજલ પાડેલ કર્મચારીને ઉ.મા વિભાગમાં સમાવેશ કરેલ હોય તો તેવા કિસ્સામાં તે કર્મચારીનું માધ્યમિક વિભાગમાંથી નામ રદ કરી ઉ.મા વિભાગમાં તેનો સમાવેશ કરવાનો રહેશે.

(૭) જો કોઈ શૈક્ષણિક કર્મચારીને ફાજલ પાડયા બાદ કારકુન કે ગ્રંથપાલ જેવી બિનશૈક્ષણિક જગ્યા પર સમાવવમાં આવ્યા હોય તો તેવા કર્મચારીઓને જે જગ્યા પર સમાવવામાં આવ્યા હોય તે સંવર્ગમાં તેઓનું નામ દાખલ કરવાનું રહેશે અને જુના સંવર્ગ માંથી નામ રદ કરવાનું રહેશે. ટુંકમાં હાલ જે સવર્ગમાં કામ કરે છે તે સંવર્ગમાં તેનું નામ મતદાર યાદીમાં નામ રાખવું.

(૮) અનુદાનિત શાળાઓમાં જે ફાજલ કર્મચારીઓનો કામચલાઉ રીતે સરકારી શાળામાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા કર્મચારીઓના નામ તેઓ જ્યાંથી ફાજલ પડયા હોય તે મૂળ સંસ્થાના લાગુ પડતા સવર્ગમાં રાખવાનું રહેશે.

(૯) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સિવાયના સરકારી કચેરી/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોનો સમાવેશ આવી યાદીઓમાં થઇ શકશે નહી.

(૧૦) વ્યવસાયલક્ષી પ્રવાહના શિક્ષકો હાલ જે સંવર્ગમાં ફરજ બજાવતા હોય તે જ સંવર્ગમાં તેમના નામોનો સમાવેશ કરવાનો રહેશે. તેજ રીતે ગ્રંથપાલ, બિન શૈક્ષણિક કર્મચારી હોઈ તેઓનાં સમાવેશ બિન શૈક્ષણિક કર્મચારીઓની લાગુ પડતી મતદાર યાદી એટલે કે ખંડ - ૬ (અ) માં સમાવેશ કરવાનો રહેશે.

(૧૧) કરાર આધારીત ફરજ બજાવતા કોઈ પણ કર્મચારીનો કોઇ પણ સંવર્ગમાં સમાવેશ થઈ શકશે નહી.

(૧૨) સ્વનિર્ભર શાળાઓના આચાર્ય, શિક્ષક, ક્લાર્ક, સેવક કે જેઓ તે શાળામાં ઓછામાં ઓછા બે વર્ષ કે તેથી વધુ વર્ષથી ફરજ બજાવતા હોવા જોઈએ. શાળાએ ફી નિર્ધારણ સમિતિ સમક્ષ રજૂ કરેલ સ્ટાફ લિસ્ટમાં કર્મચારીનો સમાવેશ હોવો જોઈએ. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને આપવામાં આવતી ઓનલાઈન માહિતી અને UDISE ના ડેટામાં તેનો સમાવેશ થતો હોવો જોઈએ.



Scanned with CamScanner

તેઓને બેંક મારફતે પગાર ચુકવવામાં આવ્યા હોય તેવા તમામ આધારોની ચકાસણી કરી તેમનો જે તે સંવર્ગની મતદાર યાદીમાં સમાવેશ કરવાનો રહેશે.

(૧૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ - ૩ (૨). વર્ગ – ખ ના પેટા ક્રમાંક. ૭ ની જોગવાઈ મુજબ મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ હેઠળ રજીસ્ટર થયેલ તેમજ રજીસ્ટર્ડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યામિક શાળાના સંચાલકના પ્રતિનિધિ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા અને મત આપવા હકદાર રહેશે. સંચાલક મંડળની મતદાર યાદીમાં એક ટ્રસ્ટ નીચે એક કરતા વધારે શાળાઓ ચાલતી હોય તો કોઇ પણ એક જ શાળા માટે પોતાનું નામ સંબધિત સંવર્ગ ની મતદાર યાદીમાં સંચાલક મંડળ નોંધાવી શકશે એટલે કે એક મંડળ એક થી વધુ શાળાઓ ધરાવતું હોય તો પણ એક જ વોટ આપી શકશે. આ માટે સંચાલક મંડળે નીચે મુજબનો ઠરાવ રજૂ કરવાનો રહેશે.

ઠરાવ:

તા....................ના રોજ ....................................................................................

..................! મંડળની કારોબારી / સામાન્ય સભા......... .........કલાકે........................................... સ્થળે મળી જેમાં સદર મંડળના PTR પર નોંધાયેલા / પ્રતિનિધિશ્રી................................................................. ને વર્ષ :૨૦૨૪ માં યોજાનાર ગુ.માં અને ઉ.મા શિ. બોર્ડની સામાન્ય ચુંટણી માટે પ્રતિનિધિ તરીકે મતદાન કરવાનો અધિકાર આપવાનું તથા મતદાર યાદીમાં તેઓનું નામ દાખલ કરવાનું ઠરાવવામાં આવ્યું.

પ્રમુખ/મેને.ટ્રસ્ટીની સહીસિક્કો

"મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ અને મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ હેઠળ રજીસ્ટર થયેલી, રજીસ્ટર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિ" ની મતદાર તરીકે નોંધણીની અરજીની સાથે નીચે મુજબના આધારો મેળવવાના રહેશે.

(૧) પરિશિષ્ટ –૧ મુજબનો સંચાલક મંડળના ઠરાવની નકલ.

(૨) સંચાલક મંડળ મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ / મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ –૧૯૫૦ હેઠળ રજીસ્ટર થયાના રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ.

Scanned with CamScanner

(૧૪) સદર મતદાર યાદી તૈયાર કરતી વખતે મતદારનું પુરું નામ લખવું (અટક/નામ/પિતા/પતિનું નામ) મતદારનો રંગીન ફોટોગ્રાફ મેળવી મતદાર યાદીમાં નિયત જગ્યાએ ચોંટાડવો.

(૧૫) વાલીમંડળ ની મતદાર યાદી નવુ શૈક્ષણિક વર્ષ શરુ થયા બાદ તા.૦૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ તૈયાર કરવાની રહેશે વાલી મંડળની મતદાર યાદી તૈયાર કરતી વખતે જે તે શાળાના વાલી એસોસીએશને કરેલા ઠરાવની નીચે સંબંધિત આચાર્યશ્રીએ નીચે મુજબ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

:: પ્રમાણપત્ર :-

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી.................................................................................... ના પુત્ર / પુત્રી / પાલ્ય નામ............................................................................ છે. જે અમારી શાળાના ધો...... માં વર્ષ ૨૦૨૪-૨૫માં અભ્યાસ કરે છે અને જેનો GR નં ..................છે.

નોંધ :- જ્યારે આચાર્યશ્રી પાલ્યના વાલી તરીકે કોઈ વ્યક્તિને પ્રમાણિત કરે ત્યારે તે બાબતના પુરાવા મેળવી લેવા કે જે તે વાલી જે તે વિદ્યાર્થીના કાયદેસર રીતે પાલનપોષણ કરવા માટે અધિકૃત છે કે કેમ? કોઈ વિદ્યાર્થીના માતા-પિતા અકાળે અવસાન પામ્યા હોય તો વિદ્યાર્થી સાથે સૌથી નજીકનો લોહીનો સંબંધ ધરાવતી વ્યક્તિને સામાન્ય રીતે વાલી ગણી શકાય. તલાટી પાસેથી પેઢીનામું મેળવવાનું રહેશે.

(૧૬) વાલી મંડળ / સંચાલક મંડળના પ્રતિનિધિની નિયુક્તિ કરવા માટેની બેઠક તા.30/05/૨૦૨૪ કે તે પહેલા મળેલી હોવી જોઈએ. તે તારીખ પછીનો ઠરાવ રજુ થાય તે ગ્રાહ્ય રાખી શકાશે નહી.

(૧૭) આચાર્ય સંવર્ગ, પત્રક-૧ અને મા.શિ. તાલીમી કોલેજોના પ્રિન્સીપાલના સંવર્ગ પત્રક-૫ માં જો કોઈ ઈન્ચાર્જ આચાર્ય હોય તો તેઓનો તે મતદાર યાદીમાં સમાવેશ કરી શકાશે નહી.

(૧૮) આપના જિલ્લાની પત્રક-૧ થી ૯ મુજબની યાદીની સોફ્ટ કોપી તથા હાર્ડ કોપીમાં તૈયારી કરી. (જિલ્લા ચૂંટણી અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સદર યાદીના પ્રત્યેક પાન ઉપર સહી કરી સદર યાદી પ્રમાણિત કરવાની રહેશે). આ રીતે પ્રમાણિત કરેલી યાદી મોડામાં મોડુ તા.૨૦/૦૪/૨૦૨૪



Scanned with CamScanner

સુધી મદદનીશ ચૂંટણી અધિકારીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરી ખાતે રૂબરૂમાં જમા કરવાની રહેશે. જ્યારે વાલીમંડળની પ્રમાણિત કરેલ યાદી તા.૧૦/૦૭/૨૦૨૪ સુધી રૂબરૂમાં રજૂ કરવાની રહેશે.

(એન.જી. વ્યાસ)
મુખ્ય ચૂંટણી અધિકારી અને સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

Scanned with CamScanner

# પરિશિષ્ટ-અ

❖ **મતદાર નોંધણી કરવા માટે ધ્યાનમાં રાખવાની બાબત :-**

(1) અત્રેથી મતદાર યાદીમાં મતદાર તરીકે નામ દાખલ કરવા માટેના અરજીપત્રકો મોકલવામાં આવેલ છે.

(2) મતદાર યાદીમાં મતદાર તરીકે નામ નોંધાવનારે પ્રથમ સમગ્ર અરજીનો અભ્યાસ કરવો અને સામેલ રાખેલ FAQ નો અભ્યાસ કરી વિગતો અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં ભરવાની રહેશે.

(3)

| |
|---|
| આખા ચહેરાનો સામેનો ભાગ દર્શાવતો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અહીં ગમથી ચોંટાડવો. પીન લગાવવી નહીં. અરજદારે ફોટા ઉપર સહી કરવી |

અરજીપત્રકમાં અરજદારે નિયત કરેલા સ્થાન ઉપર પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ચોંટાડવો ફરજિયાત છે અને ફોટોગ્રાફ પર અરજદારની સહી કરાવવાની રહેશે.

(4) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૧૯ મુજબ અરજદાર જે હોદ્દો ધરાવે છે તે હોદ્દા માટે નિયત થયેલ મહેકમ અને વિનિયમ - ૨૦ મુજબ જરૂરી લાયકાત ધરાવતા કર્મચારી મતદાર તરીકે નોંધણી કરાવી શકશે.

(5) મતદાર નોંધણી અરજી પત્રકમાં ભાગ - (a) માં ક્રમ - 1 થી 11 હોદ્દાની વિગત દર્શાવેલ છે. અરજદારે જે હોદ્દો ધારણ કરેલ હોય અને મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા ઈચ્છુક હોય તે હોદ્દાના ખાનાની સામે ખરાની નિશાની કરવાની રહેશે.

| ક્રમ | હોદ્દાની વિગત | જેમા નામ દાખલ કરવું હોય તેમાં ટીક કરવું. |
|---|---|---|
| 1 | ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાના આચાર્ય | ☐ |
| 2 | ઉત્તર બુનિયાદી શાળાઓના આચાર્ય અને શિક્ષકો | ☐ |
| 3 | ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાના શિક્ષક | ☐ |
| 4 | સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષક | ☐ |
| 5 | રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક સ્ટાફ | ☐ |

| ક્રમ | હોદ્દાની વિગત | જેમા નામ દાખલ કરવું હોય તેમાં ટીક કરવું. |
|---|---|---|
| 6 | રજીસ્ટર થયેલી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફ | ☐ |
| 7 | મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ હેઠળ રજીસ્ટર થયેલ તેમજ રજીસ્ટર્ડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકના પ્રતિનિધિ | ☐ |
| 8 | રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વાલીઓના એસોસીએસનના પ્રમુખ | ☐ |
| 9 | માધ્યમિક શિક્ષક તાલીમી કોલેજ અને સ્નાતક બુનિયાદી તાલીમી કોલેજના પ્રિન્સિપાલ. | ☐ |

E:\D.K\Types Of Letters\election 2024.docx

Scanned with CamScanner

(6) ભાગ - (b) ની વિગત અંગ્રેજી કેપિટલ અક્ષરમાં તેમજ ભાગ - (c) ની વિગત અંગ્રેજી અંકોમાં અને ભાગ-(d) અને (e) ની વિગતમાં લાગુ પડતા ખાનામાં ખરાની નિશાની કરવી.

(b) અટક ☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐

નામ ☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐

પિતા / પતિનું નામ ☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐

(c) જન્મ તારીખ : ☐☐☐☐☐☐☐☐ (d) જાતિ : પુરૂષ ☐ સ્ત્રી ☐ (e) નાગરિકતા : ભારતીય ☐ અન્ય ☐

(7) અરજી પત્રકના ક્રમ – f(1) ની વિગતો ભરતી વખતે અરજદારે પોતે જે વિભાગ માટે નિયુક્ત થયેલા છે તે વિભાગ ધ્યાને લઈ વિગતો ભરવી.

- અરજદાર માધ્યમિક વિભાગના કર્મચારી હોય તેવી શાળાના અરજદારોએ ફક્ત ધોરણ-૧૦ નો ઈન્ડેક્ષ નંબર દર્શાવવાનો રહેશે.
- અરજદાર ઉચ્ચતર માધ્યમિક વિભાગના કર્મચારી હોય તેવી શાળાના અરજદારોએ ફક્ત ધોરણ-૧૨ નો ઈન્ડેક્ષ નંબર દર્શાવવાનો રહેશે.

(1) ધો. 10 નો Index No. ☐☐☐☐☐ અથવા ધો. 12 નો Index No. ☐☐☐☐☐

(8) અરજી પત્રકના ક્રમ – f(2) ની વિગતો ભરતી વખતે શાળામાં જે વિભાગ ચાલતો હોય તે વિભાગના ખાનાની સામે ખરાની નિશાની કરવી. શાળામાં ફક્ત ધોરણ - ૯ થી ૧૦ નું જ શિક્ષણ અપાતુ હોય તો માધ્યમિક વિભાગ લાગુ પડશે, શાળામાં ફક્ત ધોરણ - ૧૧ થી ૧૨ નું જ શિક્ષણ અપાતુ હોય તો ઉચ્ચતર માધ્યમિક વિભાગ લાગુ પડશે અને શાળામાં ધોરણ - ૯ થી ૧૨ નું શિક્ષણ અપાતુ હોય તો માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ લાગુ પડશે.

(2) શાળામાં ચાલતા વિભાગ : ફક્ત માધ્યમિક ☐ ફક્ત ઉચ્ચતર માધ્યમિક ☐ માધ્યમિક અને ઉ.મા. વિભાગ ☐

(9) અરજી પત્રકના ક્રમ – f(3) માં અરજદાર જે વિભાગમાં ફરજ બજાવે છે. તે વિભાગ શાળાના જે પ્રકારમાં આવતો હોય તે પ્રકારના ખાનામાં ખરાની નિશાની કરવી.

દા.ત. (A) કોઈ એક શાળામાં ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક વિભાગ કાર્યરત છે અને તે જ શાળામાં નોન ગ્રાન્ટ-ઈન-એઈડ ઉચ્ચતર માધ્યમિક વિભાગના વર્ગો કાર્યરત છે. શાળાના માધ્યમિક વિભાગના અરજદારે ગ્રાન્ટ-ઈન-એઈડના પ્રકારના ખાનામાં ખરાની નિશાની કરવી અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના અરજદારે નોન ગ્રાન્ટ-ઈન-એઈડના પ્રકારના ખાનામાં ખરાની નિશાની કરવી.

Scanned with CamScanner

દા.ત. (B) કોઈ એક શાળામાં ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક વિભાગમાં ગુજરાતી માધ્યમ કાર્યરત છે અને જ શાળામાં નોન ગ્રાન્ટ-ઈન-એઈડ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અંગ્રેજી માધ્યમના વર્ગો કાર્યરત છે શાળાના માધ્યમિક વિભાગના અરજદારે ગ્રાન્ટ-ઈન-એઈડના પ્રકારના ખાનામાં ખરાની નિશાની કરવી અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના અરજદારે નોન ગ્રાન્ટ-ઈન-એઈડના પ્રકારના ખાનામાં ખરાની નિશાની કરવી.

દા.ત. (C) કોઈ એક શાળામાં ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક વિભાગમાં ગુજરાતી માધ્યમ કાર્યરત છે અને માધ્યમિક વિભાગમાં જ અંગ્રેજી માધ્યમ નોન-ગ્રાન્ટ-ઈન-એઈડના વર્ગો કાર્યરત છે. શાળાના માધ્યમિક વિભાગના ગુજરાતી માધ્યમના અરજદારોએ ગ્રાન્ટ-ઈન-એઈડના ખાનામાં ખરાની નિશાની કરવી અને માધ્યમિક વિભાગના અંગ્રેજી માધ્યમના અરજદારોએ નોન-ગ્રાન્ટ-ઈન-એઈડના ખાનામાં ખરાની નિશાની કરવી.

(3) શાળાનો પ્રકાર : સરકારી ☐ ગ્રાન્ટ-ઈન-એઈડ ☐ નોન-ગ્રાન્ટ-ઈન-એઈડ ☐ અન્ય વિભાગ દ્વારા સંચાલિત ☐

(10) અરજી પત્રકના ક્રમ – f(4) માં શાળા સંચાલક મંડળની વિગતો દર્શાવેલ છે. જેમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - ૧૯૭૨ની જોગવાઈ મુજબ મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ હેઠળ નોંધાયેલા મંડળના પ્રતિનિધિ જ મતદાર તરીકે નોંધણી કરી શકશે. દરેક રજીસ્ટર શાળાના કર્મચારીઓએ પણ આ વિગત ભરવાની રહેશે.

- મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ હેઠળ નોંધાયેલા સંચાલક મંડળ એક કરતા વધુ શાળાઓનું સંચાલન એક જ જિલ્લામાં કે રાજયના એક કરતાં વધુ જિલ્લામાં કરતા હોય ત્યારે તેઓ દ્વારા ફકત એકજ પ્રતિનિધિને મતદાર તરીકે નોંધણી કરાવી શકાશે. જો એક કરતાં વધુ મતદાર તરીકે નોંધણી કરવામાં આવશે તો કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.
- મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ હેઠળ નોંધાયેલ ટ્રસ્ટનો નોંધણી નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે. જે સંચાલક મંડળે નોંધણી નંબર દર્શાવેલ ન હોય તેઓની મતદાર નોંધણીની અરજી ગ્રાહ્ય રહેશે નહી.
- સંચાલક મંડળના પ્રતિનિધિની મતદાર નોંધણી માટે ટ્રસ્ટ રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.
- સંચાલક મંડળના પ્રતિનિધિને મતદાર યાદીમાં સમાવેશ કરવાનો ઠરાવ પરિશિષ્ટ-૧ મુજબનો સામેલ રાખવાનો રહેશે.

(4) શાળા સંચાલક મંડળની વિગતો :

મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ-1860 ☐ નોંધણી નંબર : ____________

મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-1950 ☐ નોંધણી નંબર : ____________



Scanned with CamScanner

(11) અરજી પત્રકના ક્રમ - f(5) માં અરજદારની નોકરીમાં દાખલ તારીખ, હાલની શાળામાં દાખલ તારીખ દર્શાવવાની છે અને નોકરીનો કુલ અનુભવ વર્ષમાં દર્શાવવાનો રહેશે.

(5) અરજદારના અનુભવની વિગત : નોકરીનો કુલ અનુભવ ☐☐

નોકરીમાં દા.તા. ☐☐☐☐☐☐☐☐ હાલની શાળામાં દા.તા. ☐☐☐☐☐☐☐☐

(12) અરજી પત્રકના ક્રમ - f(6) માં અરજદાર શૈક્ષણિક અને બિન શૈક્ષણિક પૈકી જે હોદ્દા ધરાવે છે તે હોદ્દા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૧૯ અને ૨૦ મુજબ નિયત થયેલ મહેકમ મુજબની જ જગ્યા અને લાયકાત ધરાવતા હોય તેની વિગતોની સામે નિયત ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે.

(6) અરજદારની લાયકાત :

| ક્રમ | હોદ્દાની વિગત | શૈક્ષણિક લાયકાત | | વ્યાવસાયિક લાયકાત | | કુલ અનુભવ |
|---|---|---|---|---|---|---|
| | | સ્નાતક | અનુસ્નાતક | સ્નાતક | અનુસ્નાતક | વર્ષમાં |
| 1 | આચાર્ય | ☐ | ☐ | ☐ | ☐ | ☐☐ |
| 2 | ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક | ☐ | ☐ | ☐ | ☐ | ☐☐ |
| 3 | માધ્યમિક વિભાગના શિક્ષક | ☐ | ☐ | ☐ | ☐ | ☐☐ |
| 4 | બિન શૈક્ષણિક સ્ટાફ | ધો. 10 : પાસ ☐ | નાપાસ ☐ | ધો. 12 : પાસ ☐ | સ્નાતક ☐ | ☐☐ |

(13) અરજીપત્રકના ક્રમ – f(7) ની વિગતો માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજ અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજના નિયમિત નિમણૂંક ધરાવતા પ્રિન્સિપાલોએ જ ભરવાની રહેશે.

(7) માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજ અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજનું નામ સરનામું (અંગ્રેજીમાં કેપીટલ અક્ષરોમાં ભરવું) (ફક્ત ક્રમ 1ને લાગુ પડશે.)

| |
|---|
| સંસ્થાનું નામ : |
| સરનામું : |

(14) અરજીપત્રકના ક્રમ – f(8) માં અરજદારે પોતાનો મોબાઈલ નંબર દર્શાવવાનો રહેશે.

(8) મોબાઈલ નંબર : ☐☐☐☐☐☐☐☐☐☐

(15) શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ મતદાર માટેની અરજીમાં ક્રમ - 7 સિવાયની લાગુ પડતી તમામ વિગતો ભરવાની રહેશે.

(16) શાળાના સંચાલક મંડળના પ્રતિનિધિ અને વાલી એસોસિએશનના પ્રમુખના અરજદારોએ મતદાર માટેની અરજીમાં ભાગ - (f) ના ક્રમ નં - 5, 6 અને 7 ની વિગતો ભરવાની રહેશે નહિ.



Scanned with CamScanner

(17) શાળા સંચાલક મંડળના પ્રતિનિધિનો મતદાર યાદીમાં સમાવેશ કરવા માટે પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ નમૂના મુજબ ઠરાવ કરવાનો રહેશે અને તે મતદાર અરજીપત્રક સાથે રજૂ કરવાનો રહેશે.

(18) વાલી એસોસિએશનના પ્રમુખનો મતદાર યાદીમાં સમાવેશ કરવા માટે પરિશિષ્ટ-૨ માં દર્શાવેલ નમૂના મુજબ ઠરાવ કરવાનો રહેશે અને તે મતદાર અરજીપત્રક સાથે રજૂ કરવાનો રહેશે.

(19) માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજ અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજના નિયમિત નિમણૂંક ધરાવતા પ્રિન્સિપાલોએ મતદાર નોંધણી માટેની અરજીમાં ભાગ - (f) ના ક્રમ નં - 1, 2, 3, 4 અને 6 ની વિગતો ભરવાની રહેશે નહિ.

(20) મતદાર તરીકે અરજી કરનાર દરેક અરજદારે એકરારનામું ભરવાનું રહેશે અને તેમની તમામ વિગતો જેવી કે અરજદારની સહી, શાળા સંચાલક મંડળના પ્રમુખ / મંત્રીના સહી સિક્કા અને શાળાના આચાર્યના સહી સિક્કા નિયત જગ્યાએ અવશ્ય કરાવવાના રહેશે. સરકારી શાળા માટે સંચાલક મંડળ તરીકે જિલ્લા શિક્ષણાધિકારીના સહી સિક્કા કરવાના રહેશે.

(21) અધુરી વિગતવાળા કે સહી સિક્કા વગરના મતદાર નોંધણી માટેની અરજી ગ્રાહ્ય રહેશે નહી.

(22) અરજી પત્રકમાં પાછળ દર્શાવેલ સુચનાઓનો અભ્યાસ કરીને વિગતો ભરવી.

(23) શાળાએ શાળામાંથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને મતદાર નોંધણી માટેના ક્રમ – 1 થી 9 ના જેટલા અરજીપત્રકો ભરીને જમા કરાવવા માટે નીચે આપેલ નમૂના મુજબ શાળાના લેટરહેડ ઉપર પહોંચ બનાવીને જમા કરાવ્યાનો આધાર મેળવી લેવાનો રહેશે.

## નમુનો

શાળાનું નામ :- ..........................................................................................................

અમારી શાળામાંથી નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ માધ્યમિક વિભાગ / ઉચ્ચતર માધ્યમિક વિભાગ / માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના ક્રમ – 1 થી 9 ના મતદાર નોંધણી અરજીપત્રકોની દર્શાવેલ સંખ્યા મુજબ આજ રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / SVS / ........................................................... શાળામાં જમા કરાવવામાં આવેલ છે.

| ક્રમ | શાળાનો Index No | | મતદાર નોંધણી માટેની હોદ્દા મુજબ સ્વીકારેલ અરજીઓની સંખ્યા | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | SSC | HSC | ક્રમ-1 | ક્રમ-2 | ક્રમ-3 | ક્રમ-4 | ક્રમ-5 | ક્રમ-6 | ક્રમ-7 | ક્રમ-8 | ક્રમ-9 | - | |
| 1 | | | | | | | | | | | | | |

Scanned with CamScanner

# શાળાના મુખપત્ર ઉપર મતદાર નોંધણી માટેની પહોંચનો નમૂનો

| ક્રમ | અરજીપત્રક નંબર | મતદાર નોંધણી કરાવનાર અરજદારનું નામ | મતદાર નોંધણી માટે અરજદારના હોદ્દાનો અરજીપત્રકના ભાગ-(ગ) મુજબના ક્રમની વિગત |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |

મતદાર નોંધણીની અરજી સ્વીકારનાર સંસ્થાના સહી / સિક્કા

## શાળાઓએ મતદાન નોંધણી અરજીપત્રકો મેળવવા, ભરવા અને પરત કરવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો.

1. શાળાઓએ નિર્ધારીત કરેલ મતદાન નોંધણી કાર્યક્રમ મુજબ ક્રમ – 1 થી 9 મુજબના નવા મતદારોના હોદ્દાના કોરા મતદાર નોંધણી માટેના અરજીપત્રકો તેઓને લાગુ પડતા SVS પરથી શાળામાં નિયત થયેલ મહેકમ મુજબની સંખ્યામાં શાળાના મુખ પત્રક લેટરહેડ ઉપર માંગણી કરીને મેળવી લેવાના રહેશે.
2. શાળાઓએ નિર્ધારીત કરેલ મતદાન નોંધણી કાર્યક્રમ મુજબ ક્રમ – 1 થી 9 મુજબના નવા મતદારોના હોદ્દાના મતદાર નોંધણી માટેના અરજીપત્રકો તેઓને લાગુ પડતા નિયત થયેલ મહેકમ મુજબની સંખ્યા પ્રમાણે ભરીને તૈયાર કરવાના રહેશે.
3. શાળાઓએ નિર્ધારીત કરેલ મતદાન નોંધણી કાર્યક્રમ મુજબ ક્રમ – 1 થી 9 મુજબના નવા મતદારોના હોદ્દાના ભરેલા મતદાર નોંધણી માટેના અરજીપત્રકો તેઓને લાગુ પડતા SVS ઉપર શાળાના મુખ પત્રક ઉપર હોદ્દાવાર મતદારની સંખ્યા સાથેની વિગતો લખીને શાળાના મુખપત્ર સાથે જમા કરાવવાના રહેશે અને શાળાના મુખપત્રની ઓફીસ કોપી ઉપર અરજી પત્રક જમા કરાવ્યા બદલની પહોંચ મેળવી લેવાની રહેશે.



Scanned with CamScanner

४. માધ્યમિક શિક્ષક તાલીમી કોલેજો અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજોના પ્રિન્સિપાલશ્રીઓએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓના જરૂરી અરજીપત્રક મેળવીને સમય મર્યાદામાં પરત કરવાના રહેશે.

બિડાણ:-

- પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨
- FAQ

(એન.જી.વ્યાસ)

મુખ્ય ચૂંટણી અધિકારી અને

સચિવ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

1. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
2. નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.

નકલ રવાના જાણ અને કાર્યવાહી સારૂ:-

1. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ ગુજરાત રાજ્ય.
2. રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલક મંડળ પ્રમુખ / મંત્રીશ્રી / આચાર્યશ્રીઓ / વાલી એસોસિએશનના પ્રમુખશ્રીઓ.
3. રાજયની તમામ માધ્યમિક શિક્ષક તાલીમી કોલેજો અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજોના પ્રિન્સિપાલશ્રીઓ.

Scanned with CamScanner

# પરિશિષ્ટ - ૧

મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ હેઠળ રજીસ્ટર થયેલ તેમજ રજીસ્ટર્ડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સંચાલકના પ્રતિનિધિનો મતદાર યાદીમાં સમાવેશ કરવા અંગેનો ઠરાવ

મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ / મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ હેઠળ રજીસ્ટર થયેલ ........................................................................................................ સંચાલક મંડળ જેનો રજીસ્ટ્રેશન નંબર .................................... છે. તા. ........................... ના રોજ ઉક્ત સંચાલક મંડળની સામાન્ય સભા મળેલ જેમાં સંચાલક મંડળ દ્વારા સંચાલિત તમામ શાળાઓ તરફથી એક પ્રતિનિધિ કે જેઓનું નામ સદર સંચાલક મંડળના PTR (પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટર) માં નોંધાયેલ છે અને ત્યારબાદ આજ દિન સુધી તેમાં કોઈ ફેરફાર થયેલ નથી. આજ સંચાલક મંડળ દ્વારા આ જિલ્લામાં તથા રાજયના અન્ય જિલ્લામાં સંચાલિત થતી શાળાઓ માટે સંચાલક મંડળ તરફથી સંચાલક મંડળના પ્રતિનિધિ તરીકે ઉક્ત નામ જ નક્કી કરેલ છે. આજની સંચાલક મંડળની સામાન્ય સભાની બેઠકમાં સંચાલક મંડળના પ્રતિનિધિ તરીકે શ્રી ........................................................................................................................................ નું નામ સર્વાનુમતે પસંદ કરવામાં આવેલ છે. વર્ષ-૨૦૨૪ માં યોજાનાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સંચાલક મંડળના પ્રતિનિધિ માટેની ચૂંટણી માટે તેઓનું નામ ........................................................................................................................................ શાળા .................................... તાલુકો .................................... જિલ્લો Index No. .................................... મારફત સંચાલક મંડળના પ્રતિનિધિની મતદાર યાદીમાં દાખલ કરવાનું ઠરાવવામાં આવે છે.

આ મંડળ સંચાલિત રાજયમાં આવેલ તમામ શાળાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | આ મંડળ સંચાલિત રાજયમાં આવેલ તમામ મા. અને ઉ.મા. શાળાનું નામ અને સરનામું | Index No. | જિલ્લો |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| 3 | | | |

સ્થળ:- ....................................

તારીખ:- ....................................

સંચાલક મંડળના પ્રમુખશ્રી / મંત્રીશ્રીના સહી સિક્કા



Scanned with CamScanner

# પરિશિષ્ટ - ૨

રજીસ્ટર્ડ થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વાલી એસોસિએશનના પ્રમુખનો મતદાર યાદીમાં સમાવેશ કરવા અંગેનો ઠરાવ

નોંધાયેલી ખાનગી માધ્યમિક શાળાના / ઉચ્ચતર માધ્યમિક શાળાના / માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વાલી એસોસિએશનની રચના શાળાના આચાર્ય દ્વારા તા. ................................ ના રોજ કરવામાં આવેલ છે. અને આચાર્ય દ્વારા માન્યતા આપવામાં આવેલ છે. ઉક્ત વાલી એસોસિએશનમાં આ શાળામાં અભ્યાસ કરતાં કુલ .......................... વિદ્યાર્થીઓના વાલીઓ નોંધાયેલા છે ઉક્ત વિદ્યાર્થીઓના વાલીઓના વાલી એસોસિએશનની બેઠક તારીખ. ............................ ના રોજ મળેલ શાળાના શ્રી ............................................................................ ............................................................................ વિદ્યાર્થી છે. જે .................................. ધોરણમાં શૈક્ષણિક વર્ષ .......................... થી અભ્યાસ કરે છે, હાલ અમારી શાળામાં અભ્યાસ ચાલુ છે. તેઓ શાળાના માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક વિભાગના સામાન્ય રજીસ્ટર (GR) ઉપર ............................ નંબરથી નોંધાયેલ છે. વિદ્યાર્થીના પિતા / માતા / વાલીશ્રી ........................................................................................ છે. તેઓને આજની વાલી એસોસિએશનની બેઠકમાં પ્રમુખ તરીકે સર્વાનુમતે પસંદ કરવામાં આવેલ છે. વર્ષ-૨૦૨૪માં યોજાનાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વાલી એસોસિએશનના પ્રમુખ માટેની બોર્ડની સામાન્ય ચૂંટણી માટે તેઓનું નામ ........................................................................................ શાળા ........................................ તાલુકો. ........................................ જિલ્લો SSC Index No. .................................... અથવા HSC Index No. .................................... મારફત વાલી એસોસિએશનના પ્રમુખ માટેની મતદાર યાદીમાં દાખલ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ્થળ:- ........................................

તારીખ:- ....................................

શાળાના આચાર્યના સહી સિક્કા

Scanned with CamScanner

# મતદાર નોંધણી કરવા માટે ધ્યાનમાં રાખવાની બાબત - FAQs

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
| --- | --- | --- |
| ૧ | ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજીસ્ટર થયેલી શાળાના આચાર્ય તરીકે મતદાર યાદીમાં કોણ નોંધણી કરાવી શકે ? | • રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી સિવાયની શાળાઓના આચાર્યો જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૨૦(૧) મુજબ આચાર્ય માટે નિયત થયેલ લાયકાત તેમજ આચાર્યનો હોદ્દો નિયમિત રીતે ધરાવતી હોય તે સિવાય રજીસ્ટર થયેલી શાળાના આચાર્ય તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૧૯ અને ઠરાવોની જોગવાઇ મુજબ ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજીસ્ટર થયેલી શાળાના આચાર્યના હોદ્દા માટે નિયત થયેલ સંખ્યા બળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• મતદાર તરીકે નામ નોંધાવાના અરજીપત્રકના ક્રમ નં-૧ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે. |
| ૨ | રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાના આચાર્ય તરીકે મતદાર યાદીમાં કોણ નોંધણી કરાવી શકે ? | • રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના આચાર્યો જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૨૦(૧) મુજબ આચાર્ય માટે નિયત થયેલ લાયકાત તેમજ આચાર્યનો હોદ્દો નિયમિત રીતે ધરાવતી હોય તે સિવાય રજીસ્ટર થયેલી શાળાના આચાર્ય તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૧૯ ની જોગવાઇ મુજબ રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાના આચાર્યના હોદ્દા માટે નિયત થયેલ સંખ્યા બળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• મતદાર તરીકે નામ નોંધાવાના અરજીપત્રકના ક્રમ નં-૨ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે. |



Scanned with CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| ૩ | ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજીસ્ટર થયેલી શાળાના શિક્ષક તરીકે મતદાર યાદીમાં કોણ નોંધણી કરાવી શકે ? | • રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી સિવાયની માધ્યમિક શાળાઓના શિક્ષકો જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમોમાં વિનિયમ - ૨૦(૩) થી ૨૦(૮) અને શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ તા.૦૮/૦૬/૨૦૧૮ થી માધ્યમિક વિભાગના શિક્ષકો માટે નિયત થયેલ લાયકાત ધરાવતી હોય તે સિવાય રજીસ્ટર થયેલી શાળાના શિક્ષક તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૧૯ અને ઠરાવોની જોગવાઇ મુજબ ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજીસ્ટર થયેલી માધ્યમિક શાળાના શિક્ષકના હોદ્દા માટે નિયત થયેલ સંખ્યા બળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• મતદાર તરીકે નામ નોંધાવાના અરજીપત્રકના ક્રમ નં-૩ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે. |
| ૪ | રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાના શિક્ષક તરીકે મતદાર યાદીમાં કોણ નોંધણી કરાવી શકે ? | • રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી પ્રવાહની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમોમાં વિનિયમ - ૨૦(૩) થી ૨૦(૮) અને શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ તા.૦૮/૦૬/૨૦૧૮ થી ઉત્તર બુનિયાદી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો માટે નિયત થયેલ લાયકાત ધરાવતી હોય તે સિવાય રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફ તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૧૯ અને ઠરાવોની જોગવાઇ મુજબ રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકોના હોદ્દા માટે નિયત થયેલ સંખ્યા બળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર |

Scanned with CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| | | યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• મતદાર તરીકે નામ નોંધાવાના અરજીપત્રકના ક્રમ નં-૪ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે. |
| ૫ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક તરીકે મતદાર યાદીમાં કોણ નોંધણી કરાવી શકે ? | • સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમોમાં વિનિયમ - ૨૦(૩) થી ૨૦(૮) અને શિક્ષણ વિભાગના જાહેરનામાં ક્રમાંક: GH/SH/104/SMS/1011/258/G-1 Date.15/11/2019 થી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો માટે નિયત થયેલ લાયકાત ધરાવતી હોય તે સિવાય સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૧૯ અને ઠરાવોની જોગવાઇ મુજબ માધ્યમિક વિભાગના શિક્ષકના હોદ્દા માટે નિયત થયેલ સંખ્યા બળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૧૯ ની જોગવાઇ અને શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકના હોદ્દા માટે નિયત થયેલ સંખ્યા બળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• સરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સિવાય સરકારી કચેરી કે અન્ય સંસ્થાઓમાં પ્રતિનિયુકિતથી ફરજ બજાવતા શિક્ષકો મતદાર યાદીમાં નામ દાખલ કરાવી શકશે નહી.<br>• મતદાર તરીકે નામ નોંધવાના અરજીપત્રકના ક્રમ નં-૫ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે. |



Scanned with CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| ૬ | રજીસ્ટર થયેલ ખાનગી માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક સ્ટાફ તરીકે મતદાર યાદીમાં કોણ નોંધણી કરાવી શકે ? | • રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના (ધોરણ - ૯ થી ધોરણ – ૧૦) બિન શૈક્ષણિક સ્ટાફ જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૨૦(૯) અને ૨૦(૧૦) મુજબ રજીસ્ટર થયેલ ખાનગી ઉત્તર બુનિયાદી માધ્યમિક તેમજ ઉત્તર બુનિયાદી સિવાયની માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક સ્ટાફ માટે નિયત થયેલ લાયકાત ધરાવતી હોય તે સિવાય રજીસ્ટર થયેલ ખાનગી માધ્યમિક શાળાના બિન-શૈક્ષણિક સ્ટાફના હોદ્દા તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૧૯ અને ઠરાવોની જોગવાઇ મુજબ રજીસ્ટર થયેલ ખાનગી ઉત્તર બિનુયાદી માધ્યમિક તેમજ ઉત્તર બુનિયાદી સિવાયની માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક સ્ટાફ માટે નિયત થયેલ સંખ્યા બળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• અન્ય શાળામાંથી ફાજલ થયેલા શૈક્ષણિક કર્મચારીને કારકૂનના હોદ્દા ઉપર સમાવેશ કરેલ હોય તો તે કર્મચારી બિન શૈક્ષણિક સ્ટાફના હોદ્દા તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરી શકશે.<br>• મતદાર તરીકે નામ નોંધાવાના અરજીપત્રકના ક્રમ નં-૬ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે. |
| ૭ | રજીસ્ટર થયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક સ્ટાફ તરીકે મતદાર યાદીમાં કોણ નોંધણી કરાવી શકે ? | • રજીસ્ટર થયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના (ધોરણ - ૯ થી ધોરણ – ૧૨) બિન શૈક્ષણિક સ્ટાફ જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૨૦(૯) અને ૨૦(૧૦) મુજબ રજીસ્ટર થયેલ ઉત્તર બિનુયાદી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તેમજ ઉત્તર બુનિયાદી સિવાયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક સ્ટાફ માટે નિયત થયેલ લાયકાત ધરાવતી હોય તે સિવાય અન્ય કોઈ રજીસ્ટર થયેલ માધ્યમિક અને ઉચ્ચ… |

Scanned with CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
| --- | --- | --- |
| | | માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક સ્ટાફના હોદ્દા તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૧૯ અને ઠરાવોની જોગવાઇ મુજબ રજીસ્ટર થયેલ ઉત્તર બિનુયાદી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તેમજ ઉત્તર બુનિયાદી સિવાયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક સ્ટાફ માટે નિયત થયેલ સંખ્યા બળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• મતદાર તરીકે નામ નોંધાવાના અરજીપત્રકના ક્રમ નં-૭ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે. |
| ૮ | રજીસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફ તરીકે મતદાર યાદીમાં કોણ નોંધણી કરાવી શકે ? | • રજીસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાનો શૈક્ષણિક સ્ટાફ જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમોમાં વિનિયમ - ૨૦(૩) થી ૨૦(૮) માં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ તા.૦૮/૦૬/૨૦૧૮ થી ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો માટે નિયત થયેલ લાયકાત ધરાવતી હોય તે સિવાય અન્ય કોઈ રજીસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફ તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.<br>• ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - ૧૯૭૪ના વિનિયમ - ૧૯ અને ઠરાવોની જોગવાઇ અને શિક્ષણ વિભાગના ઠરાવો મુજબ ઉચ્ચતર માધ્યમિક વિભાગના રજીસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફના હોદ્દા માટે નિયત થયેલ સંખ્યા બળ મુજબ નિમણૂંક થયેલ વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• મતદાર તરીકે નામ નોંધાવાના અરજીપત્રકના ક્રમ નં-૮ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે. |



Scanned with CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| ૯ | મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અને મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ હેઠળ રજીસ્ટર થયેલી, રજીસ્ટર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિ તરીકે મતદાર યાદીમાં કોણ નોંધણી કરાવી શકે ? | • મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અને મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ હેઠળ નોંધાયેલ શાળાના સંચાલકોના પ્રતિનિધિ'જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• ગ્રામપંચાયત, મ્યુ.કોર્પોરેશન, કંપની એકટ તથા અન્ય હેઠળ નોંધાયેલ શાળા સંચાલકો મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.<br>• રજીસ્ટર થયેલ એક ટ્રસ્ટ હેઠળ જિલ્લામાં કે રાજયમાં એક થી વધુ શાળાઓનું સંચાલન થતું હોય ત્યારે આવા સંચાલક મંડળે તેઓ દ્વારા સંચાલિત કોઇપણ એક શાળા મારફતે એક જ સંચાલક / પ્રતિનિધિનું નામ મતદાર યાદીમાં નોંધણી કરાવી શકશે.<br>• રજીસ્ટર થયેલ એક ટ્રસ્ટ હેઠળ એક જ પ્રતિનિધિનું મતદાર તરીકે નામ નોંધાવી શકશે.<br>• સંચાલક મંડળ દ્વારા મતદાર તરીકે નિયુક્ત કરેલ પ્રતિનિધિ માટે ઠરાવ કરવાનો રહેશે અને તે ઠરાવની નકલ મતદાર નોંધણી અરજીપત્રક સાથે સામેલ રાખેલ હશે તો જ પ્રતિનિધિનું નામ મતદાર તરીકે નોંધાવી શકશે. (પરિશિષ્ટ - ૧)<br>• મતદાર તરીકે નામ નોંધવાના અરજીપત્રકના ક્રમ નં-૯ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે. |
| ૧૦ | રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વાલીઓના એસોસિએશનના પ્રમુખ તરીકે મતદાર યાદીમાં કોણ નોંધણી કરાવી શકે ? | • રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સબંધમાં "વાલીઓનું એસોસિએશન" એટલે તે શાળાના આચાર્યે રચેલુ અને માન્ય કરેલું તે શાળાના વિદ્યાર્થીઓના માતા - પિતા અને વાલીઓના એસોસિએશનના પ્રમુખનો હોદ્દો ધરાવતો હોય તેવી જ વ્યકિત રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વાલીઓના એસોસિએશનના પ્રમુખ તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• વાલીઓના એસોસિએશનના "પ્રમુખ" તરીકે લેખિત રીતે અધિકૃત કરેલી વ્યક્તિ જ રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વાલીઓના એસોસિએશનના પ્રમુખ તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે. |

Scanned with CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
| --- | --- | --- |
| | | • શાળાના વાલી એસોસિએશનના પ્રમુખ તરીકે હોદ્દો ધરાવતી વ્યકિતનું સંતાન મતદાર નોંધણીની તારીખે તે જ શાળામાં માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવતું હોય તો જ તે શાળાના વાલી એસોસિએશનના પ્રમુખ તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• કોઇ વ્યકિત એકથી વધુ શાળામાં વાલી એસોસિએશનના પ્રમુખનો હોદ્દો ધરાવતી હોય તો કોઇ એક જ શાળાના વાલી એસોસિએશનના પ્રમુખ તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• શાળાના વાલી એસોસિએશન દ્વારા વાલી એસોસિએશનના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યાનો ઠરાવ કરવાનો રહેશે અને તે ઠરાવની નકલ મતદાર નોંધણી અરજીપત્રક સાથે સામેલ રાખેલ હશે તો જ પ્રતિનિધિનું નામ મતદાર તરીકે નોંધાવી શકશે. (પરિશિષ્ટ - ૨)<br>• મતદાર તરીકે નામ નોંધવાના અરજીપત્રકના ક્રમ નં-૧૦ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે. |
| ૧૧ | માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજ અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજના પ્રિન્સિપાલ તરીકે મતદાર યાદીમાં કોણ નોંધણી કરાવી શકે ? | • માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજો અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજોના પ્રિન્સિપાલ જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.<br>• તાલીમી કોલેજ જે માન્ય યુનિવર્સિટી સાથે જોડાયેલ હોય તે યુનિવર્સિટી દ્વારા તથા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C) દ્વારા નિયત કરેલ ધારા ધોરણો મુજબ પ્રિન્સિપાલ તરીકે નિમણૂંક થયેલી હોય તે સિવાય અન્ય કોઈ માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજ અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજના પ્રિન્સિપાલ તરીકે મતદાર યાદીમાં નામ દાખલ કરી શકશે નહી.<br>• ઈન્ચાર્જ પ્રિન્સિપાલ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે નહી.<br>• મતદાર તરીકે નામ નોંધાવાના અરજીપત્રકના ક્રમ નં-૧૧ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે.<br>• મતદાર નોંધણીની અરજીમાં Index No ની વિગત લાગુ પડશે નહી. તેઓએ તેઓની તાલીમ કોલેજનું નામ સરનામુ નિયત જગ્યાએ દર્શાવવાનું રહેશે. |



Scanned with CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| ૧૨ | આચાર્યની જગ્યા ઉપર ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવતા કર્મચારીએ કયા હોદ્દા માટેની યાદીમાં મતદાર તરીકે નોંધણી કરાવવાની રહેશે ? | • આચાર્યની જગ્યા ઉપર ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવતા કર્મચારી તે જે મહેકમ ઉપર નિયુક્ત થયેલા છે અને જે હોદ્દા માટેનું પગાર ધોરણ મેળવે છે, તે હોદ્દાની મતદાર યાદીમાં નામ નોંધણી કરાવવાની રહેશે. (દા.ત. માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષક ઈન્ચાર્જ આચાર્ય હોય તો તે મતદાર તરીકે માધ્યમિક વિભાગના શિક્ષક તરીકેની મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે.) |
| ૧૩ | શિક્ષકમાંથી ફાજલ થઈને અન્ય હોદ્દાની જગ્યા ઉપર મૂકવામાં આવેલ હોય તેવા કર્મચારીએ કયા હોદ્દા માટેની મતદાર યાદીમાં મતદાર તરીકે નોંધણી કરાવવાની રહેશે ? | • શિક્ષકમાંથી ફાજલ થઈને અન્ય હોદ્દાની જગ્યા ઉપર મૂકવામાં આવેલ હોય અને તેઓએ જે હોદ્દો ધારણ કરે છે તે હોદ્દા પરનો પગાર મેળવતા હોય તે જ હોદ્દાની મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે. દા.ત. ફાજલ થયેલ માધ્યમિક વિભાગના શિક્ષક ગ્રંથપાલની જગ્યા ઉપર ફરજ બજાવે છે તો તે ગ્રંથપાલના મહેકમ ઉપર નિયુક્ત થઈને પગાર મેળવે છે. તેથી તેઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના બિન શૈક્ષણિક હોદ્દાની મતદાર યાદીમાં નામ નોંધણી કરાવવાની રહેશે. |
| ૧૪ | શાળાના ફાજલ થયેલ કર્મચારીને અન્ય શાળામાં સમાવેશ કરેલ ન હોય તેવા ફાજલ કર્મચારીએ કઈ શાળા મારફતે મતદાર યાદીમાં મતદાર તરીકે નામ નોંધણી કરાવવાની રહેશે ? | • ફાજલ થયેલ કર્મચારીનો અન્ય શાળામાં સમાવેશ થયેલ ન હોય અને તેઓનો પગાર જે શાળા મારફતે પડતો હોય તે જ શાળામાંથી મતદાર તરીકે જે હોદ્દાનો પગાર મેળવતા ધરાવતા હોય તે હોદ્દા માટેની મતદાર યાદીમાં નામ નોંધણી કરાવવાની રહેશે. |
| ૧૫ | ફાજલ થયેલ કર્મચારીની મૂળ શાળા બંધ થયેલ હોય અને કોઈ અન્ય શાળામાં નિમણૂંક આપેલ ન હોય તેવા કર્મચારી મતદાર તરીકે નામ નોંધાવી શકશે ? કઈ શાળા મારફતે ? | • હા,<br>• ફાજલ થયેલ કર્મચારીની મૂળ શાળા બંધ થયેલ હોય અને કોઈ અન્ય શાળામાં સમાવેશ થયેલ ન હોય તો હાલ જે શાળા મારફતે જે હોદ્દા માટે તેઓના પગારની આકારણી થતી હોય તે શાળા મારફતે તે હોદ્દા માટેની મતદાર યાદીમાં નામ નોંધણી કરાવવાની રહેશે. |
| ૧૬ | રજીસ્ટર થયેલી શાળાઓના આચાર્યએ શાળાના કયા વિભાગના મહેકમનો ભાગ ગણાય? | • રજીસ્ટર થયેલ શાળાના આચાર્ય માધ્યમિક વિભાગ (ધોરણ – ૯ થી ધોરણ - ૧૦) ના મહેકમનો ભાગ ગણાય. |

Scanned with CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| ૧૭ | રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાના આચાર્યની મતદાર યાદીમાં કયા આચાર્ય મતદાર તરીકે નામ નોંધણી કરાવી શકશે ? | • જે શાળા ઉત્તર બુનિયાદી શાળા તરીકે નોંધાયેલી છે. તેજ શાળાના આચાર્ય ઉત્તર બુનિયાદી શાળાના આચાર્યના હોદ્દાની મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે. |
| ૧૮ | રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાના શિક્ષકની મતદાર યાદીમાં કયા શિક્ષકો મતદાર તરીકે નામ નોંધણી કરાવી શકશે ? | • રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાના શિક્ષકની મતદાર યાદીમાં ઉત્તર બુનિયાદી માધ્યમિક અને ઉત્તર બુનિયાદી ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો નામ નોંધણી કરાવી શકશે. |
| ૧૯ | ઉત્તર બુનિયાદી સિવાયની રજીસ્ટર થયેલી શાળાઓના શિક્ષકની મતદાર યાદી માટે કોણ નોંધણી કરાવી શકે ? | • ઉત્તર બુનિયાદી સિવાયની રજીસ્ટર થયેલી શાળાઓના શિક્ષકની મતદાર યાદીમાં ઉત્તર બુનિયાદી શાળા સિવાયની સામાન્ય શાળાના ફક્ત માધ્યમિક વિભાગ (ધોરણ-૯ થી ધોરણ-૧૦) ના શિક્ષકો નામ નોંધણી કરાવી શકશે. |
| ૨૦ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકની મતદાર યાદી માટે કોણ નોંધણી કરાવી શકે ? | • સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક માટે મતદાર તરીકે નિયત લાયકાત ધરાવતા સરકારી શાળાના માધ્યમિક વિભાગ / ઉચ્ચતર માધ્યમિક વિભાગ / માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો નામ નોંધણી કરાવી શકે. |
| ૨૧ | રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક સ્ટાફ તરીકે કયા કયા હોદ્દાનો સમાવેશ થાય ? | • રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક સ્ટાફ તરીકે રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા કે જે શાળા ફક્ત ધોરણ - ૯ અને ધોરણ – ૧૦ ના જ વર્ગો ધરાવતી હોય તેવી શાળાના કારકૂન અને સેવકનો સમાવેશ થાય.<br>• અન્ય શાળામાંથી ફાજલ થયેલા શૈક્ષણિક કર્મચારીને કારકૂનના હોદ્દા ઉપર સમાવેશ કરેલ હોય તો તે કર્મચારી બિન શૈક્ષણિક સ્ટાફના હોદ્દા તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરી શકશે.<br>• આઉટસોર્સથી કે અન્ય રીતે કામગીરી કરતાં વર્ગ - ૪ ના સ્ટાફની મતદાર તરીકે નોંધણી કરી શકશે નહી. |
| ૨૨ | રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક સ્ટાફમાં કોનો સમાવેશ થાય છે ? | • રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક સ્ટાફ તરીકે રજીસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એમ બંને વિભાગ ધરાવતી શાળા (સળંગ એકમ) કે જે શાળા ધોરણ-૯ થી ધોરણ-૧૨ ના વર્ગો ધરાવતી હોય તેવી જ શાળાના કારકૂન, ગ્રંથપાલ અને સેવકોનો |



Scanned with CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| | | સમાવેશ થાય.<br>• અન્ય શાળામાંથી ફાજલ થયેલા શૈક્ષણિક કર્મચારીને ગ્રંથપાલ કે કારકૂનના હોદ્દા ઉપર સમાવેશ કરેલ હોય તો તે કર્મચારી બિન શૈક્ષણિક સ્ટાફ તરીકે ગ્રંથપાલ કે કારકૂન તરીકે જે હોદ્દો ધરાવતા હોય તે હોદ્દા તરીકે મતદાર યાદીમાં નામ નોંધણી કરી શકશે.<br>• આઉટસોર્સથી કામગીરી કરતાં વર્ગ - ૪ ના સ્ટાફની મતદાર તરીકે નોંધણી કરી શકશે નહી. |
| ૨૩ | હું આદર્શ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કારકૂન છું. મારુ મહેકમ કયા વિભાગનું ગણાય ?<br>બિન શૈક્ષણિક હોદ્દા માટેની કઈ મતદાર યાદીમાં મતદાર નોંધણી કરવાનું અરજીપત્રક ભરવાનું રહે ? | • માધ્યમિક વિભાગનું મહેકમ ગણાય.<br>• તમારી શાળામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એમ ધોરણ – ૯ થી ધોરણ – ૧૨ નું શૈક્ષણિક કાર્ય ચાલે છે. (સળંગ એકમ) તમારે મતદાર તરીકે રજીસ્ટર થયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક સ્ટાફ માટેના મતદાર તરીકે નોંધણી કરાવવાનું અરજીપત્રક ભરવાનું રહે.<br>• મતદાર તરીકે નામ નોંધવાના અરજીપત્રકના ક્રમ નં-૭ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે. |
| ૨૪ | મતદાર યાદીમાં નોંધણી કરાવ્યા બાદ તેઓ હોદ્દા ધરાવતા બંધ થાય તો મતદાન કરી શકે ?<br>યાદીમાં નામ રદ કરાવી શકાય ? | • ના, આવા મતદારને મતદાન યાદીમાંથી રદ કરવાના થાય અને મતદાન દરમિયાન મતદાર યાદીમાં નામ હોય તો પણ મતદાનનો હક્ક રહે નહી. |
| ૨૫ | કયા મહિના સુધીની તારીખ ધ્યાને લઈ મતદાર યાદી તૈયાર કરવી. | • તમામ હોદ્દાઓ માટેની મતદાર નોંધણી કરવા જે તે હોદ્દાના કર્મચારીઓ શાળામાં તા.૦૧/૦૬/૨૦૨૪ દરમિયાન ફરજ બજાવે છે. તે ધ્યાને લઈ મતદાર યાદી તૈયાર કરવી. |
| ૨૬ | હું આચાર્ય પણ છું, અને વાલી એસોસિએશનનો પ્રમુખ પણ છું મારે કઈ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવવી પડે? | • આચાર્ય હોદ્દા માટેની કે વાલી એસોસિએશનના પ્રમુખના હોદ્દા માટેની મતદાર યાદી પૈકી કોઈ પણ એક મતદાર યાદીમાં નોંધણી કરવાની રહે. |



Scanned with CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| ૨૭ | હું સંચાલક મંડળનો પ્રતિનિધિ પણ છું, અને અન્ય શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવું છું તો મારે કઈ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવવી પડે ? | • સંચાલક મંડળના પ્રતિનિધિના હોદ્દા માટેની કે શિક્ષકના હોદ્દા માટેની મતદાર યાદી પૈકી કોઈ પણ એક મતદાર યાદીમાં નોંધણી કરવાની રહે. |
| ૨૮ | જ્ઞાન સહાયકોને મતદાર યાદીમાં સમાવિષ્ટ કરી શકાય ? | • ના |
| ૨૯ | સ્વનિર્ભર શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક હોદ્દો ધરાવતા કર્મચારીઓ વારંવાર શાળા બદલે છે. મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકે ? | • સ્વનિર્ભર શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક હોદ્દો ધરાવતા કર્મચારીઓ વારંવાર શાળા બદલે છે. મતદાર યાદી બનાવતી વખતે અરજદાર જે શાળામાં ફરજ બજાવતા હોય અને તેઓ જે તે હોદ્દા માટેની નિયત લાયકાત ધરાવતા હોય તો હાલ ફરજ બજાવતી શાળા મારફતે મતદાર યાદીમાં નોંધણી કરાવી શકે. |
| ૩૦ | સ્વનિર્ભર શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફને મતદાર યાદીમાં નોંધણી કરાવતી વખતે તેઓની નિમણૂંક નિયમોનુસાર છે તેની ચકાસણી કેવી રીતે કરવી ? | • સ્વનિર્ભર શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફને મતદાર યાદીમાં નોંધણી કરાવતી વખતે તેઓની નિમણૂંક નિયમોનુસાર છે તેની ચકાસણી કરવા માટે નીચેની વિગતો ધ્યાને લેવી.<br>○ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ જે હોદ્દો ધારણ કરે છે તે હોદ્દા માટેની ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ – ૧૯૭૪ ના વિનિયમ – ૨૦(૧) થી ૨૦(૧૦) મુજબ નિયત થયેલ લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>○ અરજદાર જે શાળા મારફતે મતદાર તરીકે નોંધણી કરાવવા માંગે છે તે શાળામાં ઓછામાં ઓછા ૦૨ વર્ષ કે તેથી વધુ વર્ષથી ફરજ બજાવતા હોવા જોઈએ.<br>○ શાળાએ ફી નિર્ધારણ સમિતિ સમક્ષ રજૂ કરેલ સ્ટાફ લીસ્ટમાં કર્મચારીનો સમાવેશ હોવો જોઈએ. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને આપવામાં આવતી ઓનલાઈન માહિતી તથા UDISE ના ડેટામાં તેનો સમાવેશ થતો હોવો હોઈએ.<br>○ શાળા દ્વારા કર્મચારીનો પગાર કરવામાં આવે છે તે બેન્ક મારફતે થતો હોવો જોઈએ.<br>○ શાળા મંડળ દ્વારા કર્મચારીને નિમણૂંક પત્ર આપેલો હોવો જોઈએ. |



Scanned with CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| ૩૧ | કર્મચારીઓને કઈ તારીખની સ્થિતિએ મતદાર યાદીમાં સમાવેશ કરવાનો રહેશે ? | • કર્મચારીઓએ તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવવાની રહેશે.<br>• કર્મચારી ખરેખર ફરજ બજાવતા હોય તેઓનો જ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે. |
| ૩૨ | તા.૩૧/૧૦/૨૦૨૪ ના રોજ જે કર્મચારી નિવૃત્ત થનાર હોય તેઓનો સમાવેશ મતદાર યાદીમાં કરી શકાશે ? | • તા.૩૧/૧૦/૨૦૨૪ ના રોજ જે કર્મચારી નિવૃત્ત થનાર હોય તેઓ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે. |
| ૩૩ | અનુદાનિત શાળાઓના ફાજલ કર્મચારીઓનો સમાવેશ કામચલાઉ રીતે સરકારી શાળામાં કરવામાં આવ્યો હોય તેવા કર્મચારીઓને કઈ સંસ્થા મારફતે મતદાર યાદીમાં સમાવેશ કરી શકાય ? | • અનુદાનિત શાળાઓના ફાજલ કર્મચારીઓનો સમાવેશ કામચલાઉ રીતે સરકારી શાળામાં કરવામાં આવ્યો હોય તેવા કર્મચારીઓને જે શાળામાંથી ફાજલ થયેલા હોય તે માતૃ શાળામાં જે હોદ્દો ધરાવતા હતા તે હોદ્દા માટે માતૃ સંસ્થા મારફતે મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે. |
| ૩૪ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સિવાયની અન્ય કચેરીઓમાં ફરજ બજાવતા સરકારી શિક્ષકોનો સમાવેશ મતદાર યાદીમાં થઈ શકે ? | • ના |
| ૩૫ | વાલી એસોસિએશનની વાલીની યાદીમાં વિદ્યાર્થીના પાલ્ય તરીકે નામ નિયુક્ત કરવા શું કાર્યવાહી કરવાની થાય ? | • શાળામાં અભ્યાસ કરતાં કોઈ વિદ્યાર્થીના માતા-પિતા અવસાન પામેલા હોય તેવા કિસ્સામાં ઉક્ત વિદ્યાર્થીનું ભરણ - પોષણ કરનાર વિદ્યાર્થી સાથે નજીકનો લોહીનો સબંધ ધરાવતી વ્યક્તિ અધિકૃત રીતે વાલી ગણાય તે માટે તલાટી પાસેથી પેઢીનામું મેળવીને જે વાલી નક્કી થતા હોય તેઓનું વાલી એસોસિએશનની વાલીની યાદીમાં નામ દાખલ કરી શકાય. |

Scanned with CamScanner

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| ૩૬ | વાલી એસોસિએશનના પ્રમુખ તરીકે નિયુક્ત થયેલ પ્રતિનિધિના ઠરાવ માટેની વાલી એસોસિએશનની બેઠક કઈ તારીખ સુધી મળેલ હોય અને તે બેઠકમાં ઠરાવ થયેલ હોવો જોઈએ ? | • વાલી એસોસિએશનના પ્રમુખ તરીકે નિયુક્ત થયેલ પ્રતિનિધિના ઠરાવ માટેની વાલી એસોસિએશનની બેઠક મતદાર યાદીમાં નામ નોંધણી કરાવવામાં આવે તે પહેલાં મળેલ હોય અને તે બેઠકમાં ઠરાવ થયેલ હોય તેવા જ પ્રતિનિધિ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી શકશે. |
| ૩૭ | રાજયમાં IEDSS યોજના અંતર્ગત કામ કરતાં વિશિષ્ટ શિક્ષકોનો સમાવેશ મતદાર યાદીમાં કરી શકાય ? કેમ ? | • ના,<br>• ઉક્ત વિશિષ્ટ શિક્ષકોનો સમાવેશ રજીસ્ટર થયેલી માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફમાં થતો નથી. |
| ૩૮ | મતદાર યાદીમાં મતદાર તરીકે નામ દાખલ કરવા માટેની અરજી જમા કરાવતી વખતે શાળાએ શાળા મુખપત્રમાં બનાવેલ પહોંચ માટે કયો અરજીપત્રક નંબર લખવાનો રહેશે ? | • મતદાર યાદીમાં મતદાર તરીકે નામ દાખલ કરવા માટેની અરજીનો ક્રમ પાસપોર્ટ સાઈઝના ફોટો ચોંટાડવા માટેની જગ્યાની બાજુમાં પ્રિન્ટ કરેલ છે તે નંબર દર્શાવવાનો રહેશે. |



Scanned with CamScanner